ગુજરાત સરકાર
નાણા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
ઠરાવ ક્રમાંક : પફટ-૧૦૨૦૨૨-૧૦૭૫-ઠ
તારીખ:- 6 OCT 2022

**વંચાણે લીધા:**

૧. ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ,૧૯૭૬ની વિવિધ જોગવાઇ
૨. મુખ્ય રાજ્ય વેરા કમિશનરશ્રીની કચેરીની તા.૧૨.૦૯.૨૦૨૨ના પત્રથી થયેલ દરખાસ્ત.

**આમુખઃ**

ગુજરાત રાજ્યમાં તા.૦૧.૦૪.૧૯૭૬ થી ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ,૧૯૭૬ અમલમાં છે. તેના અમલ શરૂ થયાથી તા.૩૧.૦૩.૨૦૦૮ સુધી આ કાયદાના અમલની સઘળી સત્તા રાજ્ય સરકાર હસ્તક હતી. વર્ષ ૨૦૦૮-૨૦૦૯ થી રાજ્ય સરકાર દ્વારા અમુક અપવાદોને બાદ કરતાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના નાણાકીય સંસાધનો વધુ મજબૂત કરવાના હેતુસર વ્યવસાય વેરો નાખવાની, ઉઘરાવવાની અને ઉઘરાવ્યા બાદ પોતાની પાસે રાખવાની સત્તા આપવામાં આવેલ છે. ભારતના બંધારણના અનુ. ૨૭૬(૨) થી કરવામાં આવેલ જોગવાઇ અનુસાર કોઇ એક વ્યકિત માટે આ વેરાનો મહત્તમ વાર્ષિક દર ₹૨૫૦૦/- નિયત થયેલ છે.

આ કાયદા અન્વયે વ્યવસાયવેરો ભરવાને જવાબદાર થતી વ્યક્તિઓની મુખ્ય બે કક્ષા છે.

૧. પગારદાર કે વેતનદાર વતી તેઓને કામે રાખનારા નિયોક્તા,
૨. વ્યવસાયીઓ

આ પૈકી કક્ષા-૧ ના કિસ્સામાં પ્રતિ માસ ₹૧૨,૦૦૦/- થી વધુ પગાર કે વેતન મેળવતી વ્યકિતએ ₹૨૦૦ પ્રતિ માસના દરે વ્યવસાય વેરો ભરવાનો રહે છે. આ વેરો તેઓએ વેતન/પગાર માંથી કપાત કરાવીને કાયદાની કલમ-૪ હેઠળ નિયોક્તા મારફતે નિયમોનુસાર નિયત થયેલી પદ્ધતિએ જમા કરાવવાનો રહે છે. જ્યારે વ્યવસાયીઓએ એટલે કે કક્ષા-૨ ના કિસ્સામાં કલમ-૫(૨) હેઠળ એનરોલમેન્ટ પ્રમાણપત્ર મેળવી સમયમર્યાદામાં નિયત દરે વેરો ભરવાનો રહે છે.

કાયદા તથા નિયમોની વિદ્યમાન જોગવાઈ પ્રમાણે રજીસ્ટ્રેશન કે એનરોલમેન્ટ મેળવેલ ન હોય તથા ભરવાપાત્ર વ્યવસાયવેરો ભરેલ ન હોય તે કેસમાં નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

| | કરદાતાના પક્ષે થયેલ ક્ષતિ | શિક્ષાત્મક કાર્યવાહી |
|---|---|---|
| ૧. | રજીસ્ટ્રેશન નંબર મેળવવાને પાત્ર નિયોકતાએ જો તે નંબર લેવામાં વિલંબ કરે | કલમ-૫(૫)ની જોગવાઈ અનુસાર વિલંબના પ્રત્યેક દિવસ માટે ₹૨૦ થી વધુ ન હોય તેટલો દંડ |
| ૨. | એનરોલમેન્ટ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર વ્યવસાયીએ જો તે પ્રમાણપત્ર મેળવેલ ન હોય. | કલમ-૫(૫)ની જોગવાઇ અનુસાર વિલંબના પ્રત્યેક દિવસ માટે ₹૧૦ થી વધુ ન હોય તેટલો દંડ |
| ૩. | નોંધાયેલ નિયોકતા કે એનરોલ થયેલ વ્યવસાયી નિયત સમયમર્યાદામાં વેરો ન ભરે | કલમ-૧૦ ની જોગવાઇ અનુસાર ભરવાપાત્ર વેરાનાં ૫% થી વધુ નહિ તેટલો દંડ. |
| ૪. | વ્યવસાયવેરા કાયદા તેમજ નિયમોની કોઇપણ જોગવાઇઓ ના ભંગના કિસ્સામાં | કલમ-૨૦ ની જોગવાઇ અનુસાર કોર્ટમાં ફોજદારી કાર્યવાહી હેઠળ દરેક વ્યવસાયીને ₹૫૦૦૦/- સુધીનો દંડ તથા ગુનો ચાલુ હોય ત્યાં સુધી પ્રત્યેક દિવસ માટે ₹૫૦ સુધીનો દંડ. |

સરકારશ્રીનાં ધ્યાન પર આવેલ છે કે, ઘણા વ્યવસાયીઓ / નિયોક્તાઓ વ્યવસાયવેરો ભરવાપાત્ર હોવા છતાં વ્યવસાય વેરાના તંત્રમાં પોતાની નોંધણી કરાવેલ નથી. આવા બિન નોંધાયેલ વ્યવસાયીઓ /નિયોક્તાઓમાં નાના કારખાનેદારો અને નાના પાયે વ્યવસાય કરનારાઓની સંખ્યા બહોળી છે.

આવા વ્યવસાયીઓ વ્યવસાયવેરા કાયદાની જોગવાઇઓનું પાલન કરવા અને પોતાની ચૂક સુધારવા ઇચ્છતા હોવા છતાં શિક્ષાત્મક કાર્યવાહીના ભયથી પોતાની ક્ષતિ સુધારવા પ્રેરિત થતાં નથી. આથી આવા નાના કરદાતાઓને જો કાયદાના ભંગમાંથી નિષ્પન્ન થતી શિક્ષાત્મક કાર્યવાહીમાંથી રાહત આપી પોતાની ક્ષતિ સુધારી લેવાની તક આપવામાં આવે તો આવા કરદાતાઓ તેઓએ ભરવાનો થતો વેરો નિયમિતપણે ભરી શકે તથા રાજ્ય સરકારની અને ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વેરાકીય આવકમાં વધારો થવાથી આવી સંસ્થાઓ દ્વારા પોતાના વિસ્તારોમાં નાગરિકોની સુખસુવિધામાં વધારો કરવા હાથ ધરવામાં આવતા વિકાસ કાર્યોને પણ વેગ મળી શકશે. આથી આવા નાના કરદાતાઓને વ્યવસાય વેરામાં રાહત આપવાની યોજના અમલમાં મૂકવાની બાબત રાજ્ય સરકારની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજ્ય સરકારે ઠરાવ્યા અનુસાર નોંધણી નંબર કે એનરોલમેન્ટ પ્રમાણપત્ર મેળવેલ ન હોય તેવા તેમજ તે મેળવેલ હોય પરંતુ ભરવાપત્ર વેરો ભરેલ ન હોય કે વેરો ઉઘરાવેલ જ ન હોય અને પોતાની આવી ક્ષતિ સુધારવા ઇચ્છતા કરદાતાઓ માટે નીચે મુજબની રાહત યોજના અમલમાં મુકવામાં આવે છે.

**-: વ્યવસાય વેરા સમાધાન યોજના, ૨૦૨૨ :-**

**(૧)** (અ) બિન-નોંધાયેલ વ્યવસાયીઓ માટેઃ

વ્યવસાય કરતી વ્યકિત કે સંસ્થાઓ જેઓ વ્યવસાય વેરા નંબર મેળવવાને પાત્ર થાય છે પરંતુ વ્યવસાય વેરા એનરોલમેન્ટ નંબર ધરાવતા નથી. તેઓ આ વેરા સમાધાન યોજનાના સમય દરમ્યાન વ્યવસાય વેરા નંબર મેળવવા અરજી કરે અને ઉક્ત સમય દરમ્યાન નિયત દરે ભરવાપાત્ર રકમનું ચલણ રજૂ થયેથી તેને તરત જ એનરોલમેન્ટ પ્રમાણપત્ર આપવામાં આવશે અને દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુકિત આપવામાં આવશે.

(બ) નોંધાયેલ વ્યવસાયીઓ માટે :

જે વ્યવસાયીઓ વ્યવસાય વેરા કાયદા હેઠળ એનરોલમેન્ટ પ્રમાણપત્ર ધરાવે છે પરંતુ તેઓએ કોઇ કારણોસર વ્યવસાય વેરો ભર્યો નથી તેવા વેરાના કસૂરદારો જેટલા વર્ષનો વ્યવસાય વેરો બાકી હોય તેટલા વર્ષની વ્યવસાય વેરાની રકમ નિયત દરે ભરી નિયત નમૂનામાં અરજી કરે તો તેઓને આકારવાપાત્ર વ્યાજમાંથી મુકિત આપવામાં આવશે અને દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુકિત આપવામાં આવશે.

**(૨)** (અ) બિન-નોંધાયેલા નિયોકતાઓ માટે :

આ યોજના અન્વયે કામે રાખનાર નિયોકતા કે જેઓએ વ્યવસાય વેરા હેઠળ નોંધણી નંબર મેળવેલ નથી અને વેતનદારો પાસેથી વ્યવસાય વેરો ઉઘરાવેલ નથી તેમજ સરકારમાં જમા કરાવેલ નથી તેઓ આ વેરા સમાધાન યોજનાના સમય દરમ્યાન રજીસ્ટ્રેશન મેળવવા અરજી કરે અને નિયત દરે ભરવાપાત્ર રકમનું ચલણ રજૂ થયેથી તેઓને રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવામાં આવશે અને આકારવાપાત્ર વ્યાજમાંથી મુકિત આપવામાં આવશે તેમજ તેઓને દંડકીય અને શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુકિત આપવામાં આવશે.

(બ) નોંધાયેલ નિયોકતાઓ માટે :

નિયોકતાએ તેમના વેતનદારો પાસેથી વ્યવસાય વેરો ઉઘરાવેલ હોય પરંતુ સંબંધિત સત્તાધિકારી સમક્ષ જમા કરાવેલ ન હોય તેવા નિયોક્તા જો ઉઘરાવેલ વ્યવસાય વેરોની રકમ માસિક ૧.૫ ટકા લેખે વ્યાજ સહિત ભરે તો તેઓને દંડકીય કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે અથવા નિયોક્તાએ જો વેરો ઉઘરાવેલ જ ન હોય તો તેઓને વ્યાજ અને દંડકીય કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવશે.

આ યોજના ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ થી તા.૩૧.૧૨.૨૦૨૨ સુધી અમલમાં રહેશે. તે ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધો અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ તા.૦૧.૦૪.૨૦૦૮ના જાહેરનામાથી નિર્દિષ્ટ કરવામાં આવેલ સર્વે ડેઝીગ્નેટેડ ઓથોરીટીઝને જાહેરનામામાં દર્શાવેલ વિસ્તાર તથા વ્યક્તિઓના વર્ગને લાગુ પડશે.

આ યોજનાના અમલીકરણમાં એકસૂત્રતા જળવાય તે હેતુસર જરૂર જણાયે માર્ગદર્શક સૂચનાઓ તથા અરજી ફોર્મ વગેરેને આવરી લેતો પરિપત્ર મુખ્ય રાજ્ય વેરા કમિશનરશ્રીએ બહાર પાડવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિલીપ ઠાકર)
સરકારના નાયબ સચિવ (ટેક્સ)

**નકલ જાણ અને યોગ્ય કાર્યવાહી અર્થે રવાના (ઇ-મેલ મારફત):-**

(૧) માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (ટપાલ મારફત)
(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માનનીય મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૪) અધિક સચિવશ્રી, મુખ્યસચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સચિવશ્રી(આર્થિક બાબતો), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૯) સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૦) મુખ્ય રાજ્ય વેરા કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
(૧૧) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૧૨) કમિશનરશ્રી ઓફ મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન , ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(સર્વે નગર પાલિકાઓને જાણ તથા અમલવારી સુનિશ્ચિત કરવાની વિનંતી સહ)
(૧૩) સર્વે મ્યુનિસપલ કમિશનરશ્રીઓ
(૧૪) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
(સર્વે ગ્રામ પંચાયતોને જાણ તથા અમલવારી સુનિશ્ચિત કરવાની વિનંતી સહ)
(૧૫) માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે પ્રસિદ્ધિની વિનંતી સહ)
(૧૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, એ.જી. કચેરી, અમદાવાદ/રાજકોટ
(૧૭) આઇટી કોઓર્ડીનેટરશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ)
(૧૮) શાખા સિલેક્ટ ફાઇલ